# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

# ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ઓક્ટોબર-૨૦૧૧ થી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાનપ્રવાહમાં ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મશબ/૨૦૦૧/૧૨૩૩/છ.તા.૨૧/૦૯/૨૦૧૧ ના ઠરાવથી સેમેસ્ટર પધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ હતી. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના **ઠરાવ ક્રમાંક-મશબ/૨૦૦૫/૧૨૩૩/છ તા.૦૮/૦૮/૨૦૧૬** ના ઠરાવથી સેમેસ્ટર પધ્ધતિ વર્ષ-૨૦૧૬-૧૭ ના વર્ષથી રદ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં વિજ્ઞાન પ્રવાહના ૧ થી ૪ સેમેસ્ટર પૈકી કોઇ પણ સેમેસ્ટરમાં કોઇ પણ વિષય કે વિષયોમાં **ગેરહાજર/UFM** ઉમેદવારોની ખાસ પરીક્ષા ગાંધીનગર કેન્દ્ર ખાતે લેવાનું આયોજન કરવામાં આવેલ છે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે. સદર પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા ઉમેદવારો માટેનો શાળાનો પરિપત્ર તથા અરજી પત્રકનો નમૂનો **(પરિશિષ્ટ-A)** બોર્ડની વેબસાઇટ **www.gseb.org** ઉપર મુકવામાં આવેલ છે. તેમાં જરૂરી વિગતો ભરી **આચાર્યશ્રીના સહી સિક્કા તથા પરીક્ષા ફી નો સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નામનો રાષ્ટ્રીય કૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ** સાથે બોર્ડની કચેરીમાં તા.૨૩/૧૧/૨૦૧૮ ને ૧૫-૦૦ કલાક સુધીમાં અરજી પત્રક જમાં કરાવવાનું રહેશે. વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર પદ્ધતિના ઉમેદવારોની પરીક્ષા આપવા માટેની આ તક આખરી રહેશે. જેની શાળાના આચાર્યશ્રીઓએ/વાલીઓએ/વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

**તારીખ** - ૨૫/૧૦/૨૦૧૮

**સ્થળ** - ગાંધીનગર.

**સહી/-**

પરીક્ષા સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.

ક્રમાંક/મઉમશબ/ક/
ગુજરાત માધ્યમિ અન
ઉચ્ચતર માધ્યમિ શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી, જુન સચિવાલય પાસે,
ગાંધીનગર.તા.૨૫/૧૦/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
(વિજ્ઞાનપ્રવાહ)
ગુજરાત રાજ્ય (તમામ),

વિષયઃ- ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહના વર્ષ-૨૦૧૧ થી વર્ષ-૨૦૧૭ સુધીમાં ૧ થી ૪ સેમેસ્ટર પૈકી કોઈ પણ સેમેસ્ટરમાં કોઇપણ વિષય કે વિષયોમાં **ગેરહાજર/UFM** રહેલ ઉમેદવારોના આવેદનપત્ર ભરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, વર્ષ-૨૦૧૧ થી વર્ષ-૨૦૧૭ સુધીમાં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૧ થી ૪ ની પરીક્ષાઓ લેવામાં આવતી હતી. સેમેસ્ટર પધ્ધતિમાં ઉમેદવારે ૧ થી ૪ સેમેસ્ટરની પરીક્ષામાં ઉપસ્થિત રહેવું ફરજીયાત હતું. હવે વર્ષ-૨૦૧૬ થી સેમેસ્ટર પધ્ધતિ રદ થયેલ છે. તો અત્યાર સુધીના ૧ થી ૪ સેમેસ્ટર પૈકી કોઈપણ સેમેસ્ટર કે કોઈપણ વિષય કે વિષયોમાં **ગેરહાજર/UFM** રહેલ ઉમેદવારોની ખાસ પરીક્ષા ગાંધીનગર કેન્દ્ર ખાતે લેવાનું આયોજન કરવામાં આવેલ છે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

ઉક્ત પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા ઉમેદવારોના અરજી પત્રકનો નમૂનો **(પરિશિષ્ટ-A)** આ સાથે સામેલ છે. તેમાં જરૂરી વિગતો ભરી શાળાના આચાર્યશ્રીએ સહી સિક્કા કરી નીચે જણાવેલ નિયત **પરીક્ષા ફી નો રાષ્ટ્રીયકૃત બેંકનો સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ તથા ગુણપત્રકની નકલ સાથેનું આવેદનપત્ર બોર્ડની કચેરીએ તા.૨૩/૧૧/૨૦૧૮ ને ૧૫-૦૦ કલાક સુધીમાં જમા કરાવવાનું રહેશે.** આ અંગે આપની શાળાના ગેરહાજર રહેલ ઉમેદવારોને તાત્કાલિક જાણ કરવી.

<u>પરીક્ષા ફી ની વિગત :-</u>

1. એક વિષય માટે રૂ|.૧૬૫/-
2. બે વિષય માટે રૂ|.૨૭૫/-
3. ત્રણ વિષય માટે રૂ|.૩૮૫/-
4. ત્રણથી વધુ વિષય માટે રૂ|.૫૫૦/-

<u>નોંધ</u> – વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા ફી ભરવાની રહેતી નથી.

સહી/-
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>બિડાણ</u> - વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૧થી ૪ ના અરજી પત્રકનો નમૂનો (પરિશિષ્ટ - A)

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર - ૧ થી ૪ ના ગેરહાજર/UFM ઉમેદવારોની પરીક્ષાનું આવેદનપત્ર

### પરિશિષ્ટ :- A

શાળા ક્રમાંક નંબર: - .............................. શાળાનો ફોન નં - ....................................

શાળાનું નામ - ...............................................................................................................

શાળાનું સરનામું - ...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

આચાર્યનું નામ - ______________________________

આચાર્યનો મોબાઈલ નં. - ..........................................

### સેમેસ્ટર-૧ થી ૪ ની પરીક્ષામાં અગાઉના ગેરહાજર અને UFM (ગેરરીતિ) વિદ્યાર્થીની યાદી.

| ક્રમ | SID.NO | વિદ્યાર્થીનું નામ | સેમેસ્ટર | જે વિષયમાં AB,UFM હોય તે વિષય/કોડ નંબર | | અગાઉની પરીક્ષાનું વર્ષ-માસ કે જેનો AB/UFM હોય |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ થી ૪ | AB | UFM | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

તારીખ:- .......................

આચાર્યની સહી/સિક્કો.